# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-04-2024** **MIDDAY : 2.30 to 2.35pm**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા

પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## ELECTORAL ROLL - LAST DAY

મતદારયાદીમાં નામ નોંધાવવાનો આજે છેલ્લો દિવસ છે.

1લી એપ્રિલ 2024 સુધીમાં 18 વર્ષ પુરા કરનાર યુવાનો લોકસભા ચૂંટણીમાં પોતાના પ્રથમ મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે ચૂંટણી પંચ દ્વારા આજ દિન સુધી મતદાર યાદીમાં નામ નોંધાવવાની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે.

આવા મતદારો ફોર્મ નં. 6 ભરીને મતદાર યાદીમાં પોતાનું નામ નોંધાવી શકશે. આ ઉપરાંત સ્થળાંતર થયેલા મતદારો મતદાર યાદીમાં પોતાના સ્થળ ફેરફાર માટેની અરજી પણ કરી શકશે. આવતીકાલથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ તમામ કામગીરી બંધ કરવામાં આવશે.

.................

# Voter Awareness Programme- District

લોકસભા સામાન્ય ચૂંટણી અંતર્ગત રાજયમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાઈ રહ્યા છે.

લોકસભા સામાન્ય ચૂંટણી- અંતર્ગત સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરના માર્ગદર્શન હેઠળ તથા સ્વીપ નોડલ અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના  આયોજન મુજબ તલોદ અને

પ્રાંતિજ તાલુકામાં “ચુનાવ પાઠશાળા” મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

છોટાઉદેપુર જિલ્લાના મતદારોમાં મતદાન અંગે જાગૃત્તિ વધે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર અનિલ ધામેલીયાના માર્ગદર્શન હેઠળ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી અને અન્ય અધિકારીઓ દ્વારા મતદાર જાગૃતિ અર્થે અભિનવ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત જિલ્લાની શાળા-કોલેજોમાં નિબંધ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, પોસ્ટર મેકિંગ સ્પર્ધા તથા મતદાર જાગૃતિ રેલી, શેરી નાટકો વગેરે જેવા દ્વારા કાર્યક્રમો દ્વારા મતદાન અંગે જાગૃતતા ફેલાવવા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

મહેસાણા જિલ્લામાં લોકસભાની ચૂંટણીમાં 7મી મેના રોજ મતદાન યોજાશે. જેમાં આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલા અને પોલીસ તેમજ સરકારી કર્મચારીઓ અને મતદાન મથકમાં ફરજ બજાવીરહેલા કર્મચાસરીઓ સહીત જિલ્લાના 9 હજાર 742 લોકો ચૂંટણીપૂર્વે પોસ્ટલ બેલેટથી પોતાનો મત આપશે. ચૂંટણી વિભાગ ને 25 જેટલા દિવ્યાંગ અને 97 જેટલા વૃદ્ધ મતદારો એ ઘેર બેઠા પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની ઈચ્છા દર્શાવી છે.

પાટણ શહેરના પ્રગતિ મેદાન ખાતેથી મતદાન જાગૃતિ બાઇક રેલીને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અરવિંદ વિજયને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી, અને લોકોને મતદાન કરવા અપીલ કરી હતી.

.................

# Chaitri Navratri

દેવી દુર્ગાની પૂજાનો નવ દિવસીય ચૈત્રી નવરાત્રિ પર્વનો આજથી પ્રારંભ થયો છે. વહેલી સવારથી જ મંદિરોમાં દેવી દુર્ગાની પૂજા માટે ભક્તોની ભીડ જોવા મળી રહી છે. નવરાત્રીના પહેલા દિવસે દેવી દુર્ગાની શૈલપુત્રીના રૂપમાં પૂજા કરવામાં આવે છે.

શક્તિપીઠ અંબાજી, પાવાગઢ સહિત બહુચરાજી મંદિરે વિશિષ્ટ આયોજનો કરવામાં આવ્યાં છે. મંદિરોમાં શતચંડી યજ્ઞ, નવચંડી હોમ સહિતના આયોજનો કરાયા છે. તેમજ આજથી 16 એપ્રિલ દરમ્યાન આરતી અને દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

પાવાગઢ શક્તિપીઠ ખાતે ભક્તોને સરળતાથી દર્શન થઈ શકે તે માટે યાત્રાળુઓને આવવા- જવા માટે વન વે પથ તૈયાર કરાયો છે. તળેટીથી માચી સુધી ખાનગી વાહનો લઈ જવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. નવે નવ દિવસ પાવાગઢ શક્તિપીઠ ખાતે માતાજીના ચંડીપાઠ સાથે રોજ નિતનવા શણગારો થશે. આ સાથે 45 ટન સુખડિનો પ્રસાદ પણ બનાવવામાં આવશે. અને એ પ્રસાદ ભક્તોને આપવામાં આવશે.

પાવાગઢ મહાકાળી મંદિરના દર્શનાર્થે આવનાર ભક્તોની સગવડતા માટે રોપ-વેની કામગીરીના સમયમાં તંત્ર દ્વારા ફેરફાર કરાયો છે. આજે અને ૧૪, ૧૬, ૨૧ અને ૨૩ એપ્રિલે રોપ વે ટિકિટ બારી સવારે ૪ વાગ્યે શરૂ થશે અને રોપ વે સર્વિસ સવારે ૫ વાગ્યે શરૂ કરાશે. અમદાવાદ શહેરના મુખ્ય માતાજી મંદિરોમાં વિશેષ કાર્યક્રમો યોજાશે. અર્બુદા દેવી

મંદિરમાં 101 સાડીનો શણગાર કરાવશે. ભદ્રકાળી માતાના મંદિરમાં 50 કિલો લીમડાના રસનો પ્રાસદ અપાશે.

.................

## SOMNATH- KALASADHANA

ગીર સોમનાથ જિલ્લા માં શ્રી સોમનાથ ટ્રસ્ટના સહયોગ થી સંસ્કાર ભારતી સંસ્થાન દ્વારા શ્રીકૃષ્ણ નિજધામ ગમન તિથિ ચૈત્રી પ્રતિપદા પર સૂર્યાસ્ત થી સૂર્યોદય સુધી સતત કલા સાધના કરવામાં આવી હતી. અમારા ગીરસોમનાથ ના પ્રતિનિધિ રાજેશ ભજગોતર જણાવે છે કે સોમનાથ પ્રોમોનેડ વોકવે થી લઇ શ્રી રામ મંદિર સુધી ઢોલ શરણાઈના નાદ સાથે કળા યાત્રા નીકળી હતી . શ્રી રામ મંદિર ઓડિટોરિયમ ખાતે 365 થી વધુ કલાકારોએ કલાના વિવિધ સ્વરૂપોથી શ્રી હરિ કૃષ્ણ અને સોમનાથ મહાદેવની કલા સાધના કરી હતી. વહેલી સવારે શાસ્ત્રોકત મંત્રોચ્ચાર સાથે સૂર્યના પેહલા કિરણના વધામણા કરીને આ કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

..................................

## TRAIN

વડોદરા ડિવિઝનના વડોદરા-ગૈરતપુર સ્ટેશનમાં ચાલી રહેલા કાર્યને કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી બે ટ્રેનોને અસર થશે.

જેમાં જામનગર વડોદરા ઇન્ટરસીટી એક્સપ્રેસ 10 એપ્રિલે અમદાવાદ રેલવે સ્ટેશને શોર્ટ ટર્મિનેટ થશે. આ ટ્રેન અમદાવાદ વડોદરા વચ્ચે આંશિક રીતે રદ થશે. વડોદરા જામનગર ઇન્ટરસીટી એક્સપ્રેસ 10મી એપ્રિલે વડોદરાને બદલે અમદાવાદથી ઉપડશે. આ ટ્રેન વડોદરા-અમદાવાદ વચ્ચે આંશિક રદ્દ થશે. આ અંગે વધુ માહિતી માટે વેબસાઇટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકાશે.

...................................